# સુરત શહેરના શિક્ષણ મહાવિદ્યાલયોના તાલીમાર્થીઓના જીવન ઘડતરની પ્રવૃત્તિઓનો અભ્યાસ

પ્રિયંકા એન.પટેલ
આસીસ્ટંટ પ્રોફેસર,
શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી. એડ્. કોલેજ પાંડેસરા, સુરત

**સારાંશ**

પ્રસ્તુત સંશોધનમાં સુરત શહેરની શિક્ષણ મહાવિદ્યાલયોનાં તાલીમાર્થીઓનાં જીવન ઘડતરની પ્રવૃતિઓનો અભ્યાસ અંગે સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું. સંસોધનનો મુખ્ય હેતુ જીવનઘડતરની પ્રવૃતિઓ, તેનું આયોજન, તાલીમાર્થીઓની ભાગીદારી, તથા આ પ્રવૃતિઓથી તાલીમાર્થીઓમાં આવેલ પરિવર્તનનો અભ્યાસ તપાસવાનો હતો. જેથી પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પદ્ધતિથી હાથ ધરવામાં આવી હતી. વ્યાપવિશ્વ તરીકે સુરત શહેરની તમામ શિક્ષણ મહાવિદ્યાલયોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેથી વ્યાપવિશ્વ જ નમૂનો બને છે. જેમાં કુલ ૬ શિક્ષણ મહાવિદ્યાલયો માંથી ૩૧૦ તાલીમાર્થીઓ, ૩૦ અધ્યાપકો અને ૫ આચાર્યોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. તાલીમાર્થીઓને પ્રશ્નાવલી, અધ્યાપકોને મુક્તજવાબી પ્રશ્નાવલી અને આચાર્યોને સાક્ષ્યપત્રક જેવા ઉપકરણોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. અંકશાસ્ત્રીય પૃથક્કરણ માટે ટકાવારી અને ગુણાત્મક પૃથક્કરણ માટે વિષયવસ્તુ વિશ્લેષણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં વિવિધ જીવનઘડતરની પ્રવૃતિઓ થતી હતી. સમયસર આયોજન થતુ મોટાભાગના તાલીમાર્થીઓ ભાગીદાર થતા હતા તથા આ પ્રવૃતિઓના કારણે તાલીમાર્થીઓમાં હકારાત્મક પરિવર્તનો આવ્યા હતા એવા તારણો જાણવા મળ્યા હતા.

---

**ચાવીરૂપ શબ્દો :** શિક્ષણ મહાવિદ્યાલય, તાલીમાર્થી, જીવનઘડતરની પ્રવૃત્તિ, અભ્યાસ

---

## ૧. પ્રસ્તાવના

શિક્ષણ મહાવિદ્યાલયોમાં કૂશળ અને યોગ્ય શિક્ષક તૈયાર થાય તે માટે તેમને યોગ્ય તાલીમ આપવામાં આવે છે. જો શિક્ષકો ઉમદા મૂલ્યો ધરાવતા હશે તો વિદ્યાર્થીઓમાં પણ ઉમદા જીવન મૂલ્યોનું ચણતર થઈ શકે. શિક્ષણ મહાવિદ્યાલયોમાં જીવનઘડતરની પ્રવૃતિઓને ઘણું મહત્વ આપવામાં આવે છે. જે સંશોધકે શિક્ષણ મહાવિદ્યાલયના અભ્યાસ દરમ્યાન અનુભવ્યું હતું . શિક્ષણ મહાવિદ્યાલયમાં તાલીમ દરમ્યાન આખા વર્ષ દરમ્યાન જીવનમુલ્યોનું ઘડતર કરતી પ્રવૃતિઓ પણ યોજવામાં આવે છે. તેથી સુરત શહેરના શિક્ષણ મહાવિદ્યાલયોના તાલીમાર્થીઓના જીવન ઘડતરની પ્રવૃત્તિઓનો અભ્યાસ અંગે સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં મુખ્યત્વે જીવનઘડતરની કઈ કઈ પ્રવૃતિઓ થાય છે, તેનું આયોજન કેવી રીતે થાય છે, તેમાં કેટલા ભાગીદાર બને છે અને આ પ્રવૃત્તિઓથી તેમનામાં ક્યાં ક્યાં પરિવર્તનો આવે છે. આ મુખ્ય ૪ હેતુઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત હેતુના સંદર્ભે પ્રશ્નોની રચના કરી હતી.

સૈદ્ધાંતિક સાહિત્ય તરીકે મુખ્ય આ બાબતોનો ઉલ્લેખ કરવામાં આવે છે. ખાન-પાન, રહેઠાણ, પોશાક, ભાષા, સાહિત્ય, સંસ્કૃતિ, વિજ્ઞાન ટેકનોલોજી, મેનેજમેન્ટ વગેરેમાં તેણે મેળવેલી સિદ્ધિ અજીબો ગરીબ છે. આ છે એનું જમા પાસું તો ઉધાર પાસું પણ ગજબનું છે. માંસાહારી, હિંદુઓએ ગાયને 'અઘન્ય' જેનો વધ ન કરાય તેવી ગણી બીજી બાજુ માનવ સભ્યતાને દસ હજાર વર્ષ થયા પણ હજુ માણસને આપણે 'અઘન્ય' જાહેર નથી કર્યો.

યુદ્ધોમાં તો માણસ મરાય પણ સાથે નિર્દોષ પ્રાણીઓને રહેંસી નાખતા માણસને કંપારી છૂટતી નથી. બહેનો ઉપર બળાત્કાર અને અપહરણ કરતાં એ શરમાતો નથી. બાળકી હોવાને કારણે જ ભ્રૂણહત્યા કરતા એ કોચવાતો નથી. પોતાનાં ધર્મના નામે વિધર્મીને ત્રાસ આપવામાં એને પાપ કર્યાનો અહેસાસ થતો નથી. અમુક જાતિમાં જન્મ્યા માટે તમે અસ્પૃશ્ય એમ ગણી એને હડધૂત કરવામાં એને ખોટું કર્યાનો અહેસાસ થતો નથી. પોતાનો રંગ ગોરો અને બીજાનો રંગ કાળો માટે તે મારાથી ઉતરતો એવો રંગભેદ કરવામાં વ્યક્તિ ગૌરવ અનુભવે છે.

જીવન એતો વરદાન છે. જો જીવતાં આવડે તો નહીંતર એજ ચીજ અભિશાપ પણ બની જાય છે. મોજમજા કરવી એમાં કશું ખોટું નથી. કુદરતે અને વિજ્ઞાને આપણને ભોગવવા માટે તો આ બધું આપ્યું છે. પણ આ બધું ભોગવવામાં જયારે પ્રમાણભાન ભૂલી જવાય છે ત્યારે અનર્થ થાય છે. એટલે જેણે પોતાના જીવનને બંનાવવું છે તેણે સ્વયં પોતાના જીવનનું ઘડતર કરવું પડશે .

સ્વાધ્યાય સાચો તો ત્યારે થયો કહેવાય જયારે તે પોતે જાતે અધ્યયન કરતો થાય. સારા-નરસાનો ભેદ જાણીને તે જાતે શીખતો થાય. આપણું મન, આપણું વર્તનથી વધુ આવેશમાં આવી ન કરવાનું થઈ જાય છે. પણ જેને સ્વનું અધ્યયન હશે, સ્વની ઓળખ હશે તે અઘટીત વ્યવહાર કરતા અટકી જશે. પ્રસ્તુત સંશોધનમાં આ સૈદ્ધાંતિક સાહિત્ય તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે .

પ્રસ્તુત સંશોધનમાં પૂર્વે થયેલ સંશોધન તરીકે ટંડેલ (૨૦૧૨) એ જલાલપોર તાલુકાની માધ્યમિક શિક્ષણની સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનો અભ્યાસ વિષય પર વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી સુરતમાં એમ.એડ્. અભ્યાસ દરમિયાન સંશોધન કાર્ય હાથ ધર્યું હતું. પ્રસ્તુત સંશોધનમાં ૩૩ માધ્યમિક શાળાઓ માંથી ૨૦ શાળાઓની યાદચ્ચિક રીતે નમુનાની પસંદગી કરવામાં આવી હતી. આ સંશોધન સર્વેક્ષણ પ્રકારનું હતું. જેના હેતુઓમાં જલાલપોર તાલુકાની માધ્યમિક શાળાઓમાં સહઅભ્યાસ પ્રવૃતિઓની પરિસ્થિતિ, શિક્ષકો અને વિદ્યાર્થીઓ પાસેથી સહઅભ્યાસ પ્રવૃત્તિ વિશેના અભિપ્રાયો, આ પ્રવૃતિઓથી વિદ્યાર્થીઓમાં થતાં પરિવર્તનો, અને આ પ્રવૃતિઓના અમલીકરણ અંગે અભ્યાસ હાથ ધર્યો હતો. માહિતી એકત્રિકરણ માટે અભિપ્રાયાવલી, પ્રશ્નાવાલીનો ઉપકરણ તરીકે ઉપયોગ કર્યો હતો. જેમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓને મનોરંજન, જ્ઞાનાત્મક કૌશલ્યનો વિકાસ અને પ્રવૃતિઓમાં વૈવિધ્યસભર હોય છે એવું તારણ મળ્યું હતું.

પ્રસ્તુત સંસોધનમાં જીવનઘડતર એટલે જીવનલક્ષી શિક્ષણ આપવું, કેળવળી આપવું. જીવનઘડતર એટલે વ્યક્તિનો શારીરિક, માનસિક, સામાજિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક એમ સર્વાંગી વિકાસ.

પ્રસ્તુત સંશોધનમાં મુખ્ય ૪ હેતુઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં સુરત શહેરની શિક્ષણ મહાવિદ્યાલયોના તાલીમાર્થીઓના જીવન ઘડતરની પ્રવૃતિઓ, આ પ્રવૃતિઓનું આયોજન, ભાગીદારી અને આ પ્રવૃતિઓને કારણે તાલીમાર્થીઓમાં આવેલ પરિવર્તનો નો અભ્યાસ કરવાનો મુખ્ય હેતુ છે.

પ્રસ્તુત સંશોધનમાં જીવનઘડતરની કઈ કઈ પ્રવૃતિઓ, તેનું આયોજન કઈ રીતે થાય, તેમાં કેટલા ભાગીદાર બને તથા આ પ્રવૃત્તિથી તાલીમાર્થીઓમાં કયા પરિવર્તનો આવ્યા. પ્રસ્તુત સંશોધનમાં ૪ હેતુનાં સંદર્ભે આ ૪ પ્રશ્નોની રચના કરી હતી.

પ્રસ્તુત સંશોધનની વિશિષ્ટતા એ હતી કે સંશોધન પોતાના વ્યાપવિશ્વની દ્રષ્ટિએ પણ વિશિષ્ટ છે. સુરત શહેરની તમામ ૬ શિક્ષણ મહાવિદ્યાલયો એ વ્યાપવિશ્વ હતું અને વ્યાપવિશ્વ જ અહી નમૂના તરીકે સ્વીકારેલ. પ્રસ્તુત સંશોધનમાં

ઉપકરણ તરીકે સાક્ષ્યપત્રક, પ્રશ્નાવલી અને મુક્તજવાબી પ્રશ્નાવલીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં માહિતીના પૃથક્કરણ માટે ટકાવારીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તથા ગુણાત્મક પૃથક્કરણનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો. આમ, સુરત શહેરની શિક્ષણ મહાવિદ્યાલયોના તાલીમાર્થીઓના જીવન ઘડતરની પ્રવૃતિઓનો અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો .

પ્રસ્તુત સંશોધનમાં સુરત શહેરની શિક્ષણ મહાવિદ્યાલયોનો જ સમાવેશ કરવામાં આવ્યો હતો. સુરત શહેર પૂરતું જ મર્યાદિત હતું. આ સંશોધનમાં સર્વેક્ષણ પદ્ધતિનો જ ઉપયોગ થયો હતો. જેમાં માહિતી પ્રાપ્તિ માટે સાક્ષ્યપત્રક, પ્રશ્નાવલી અને મુક્તજવાબી પ્રશ્નાવલીનો જ ઉપકરણ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત સંશોધન વર્ષ ૨૦૧૮-૨૦૨૦ પૂરતું જ મર્યાદિત હતું.

પ્રસ્તુત સંશોધન સુરત શહેરની શિક્ષણ મહાવિદ્યાલયોના તાલીમાર્થીઓના જીવન ઘડતરની પ્રવૃત્તિઓના મહત્ત્વ તરફ ધ્યાન કેન્દ્રિત કરશે , જીવનઘડતરની પ્રવૃત્તિઓ તરફ અધ્યાપકોમાં ગંભીરતા લાવી શકાશે , અને પ્રશિક્ષણ કે તાલીમ અને પ્રવૃત્તિઓનું આયોજન કરવું એ સંદર્ભમાં અધ્યાપકોને ઉપયોગી નીવડશે. તથા ભવિષ્યમાં આ વિષય પર સંશોધન કરનારા સંશોધકો ને માટે સંદર્ભ સાહિત્ય તરીકે ઉપયોગી નીવડશે .

## ૨. સંશોધન પદ્ધતિ

### *૨.૧ વ્યાપવિશ્વ અને નમૂનો*

પ્રસ્તુત સંશોધનમાં સુરત શહેરના શિક્ષણ મહાવિદ્યાલયના તાલીમાર્થીઓના જીવનઘડતરની પ્રવૃત્તિઓનો અભ્યાસમાં સુરત શહેરના તમામ ૬ શિક્ષણ મહાવિદ્યાલયોનો જ વ્યાપવિશ્વ તરીકે સમાવેશ કરવામાં આવ્યો હતો. અહીં વ્યાપવિશ્વ જ નમૂનો બનેલ છે. જેમાં ૩૧૦ તાલીમાર્થી, ૫ આચાર્યો અને ૩૦ અધ્યાપકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

### *૨.૨ સંશોધન યોજના*

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પદ્ધતિથી હાથ ધરવામાં આવી હતી.

### *૨.૩ ઉપકરણ*

પ્રસ્તુત સંસોધનમાં હાથ ધરવામાં આવેલ ઉપકરણો સંશોધક રચીત હતા એટલે સ્વરચિત ઉપકરણોની પસંદગી કરવામાં આવી હતી. માહિતી એકત્રીકરણ માટે સાક્ષ્યપત્રકમાં ૭ પ્રશ્નોની રચના કરવામાં આવી હતી. પ્રશ્નાવલીને વિભાગ-અ અને વિભાગ-બ એમ બે વિભાગોમાં વિભાજીત કરવામાં આવી હતી. મુક્તજવાબી પ્રશ્નાવલીમાં ૬ પ્રશ્નોની રચના કરવામાં આવી હતી.

### *૨.૪ માહિતી એકત્રીકરણ*

પ્રસ્તુત સંશોધનમાં હેતુઓ અને પ્રશ્નોને ધ્યાનમાં રાખીને માહિતી એકત્રીકરણ કરવામાં આવ્યું હતું. સૌ પ્રથમ સુરત શહેરના શિક્ષણ મહાવિદ્યાલયો આચાર્યોશ્રીઓની પરવાનગી મેળવી શિક્ષણ મહાવિદ્યાલયોના અધ્યાપકો તથા તાલીમાર્થીઓ પાસેથી સાક્ષ્યપત્રક, મુક્તજવાબી પ્રશ્નાવલી અને પ્રશ્નાવલી દ્વારા માહિતી એકત્રીકરણ કરવામાં આવી હતી.

### *૨.૫ માહિતી પૃથક્કરણ*

પ્રસ્તુત સંશોધનમાં માહિતી પૃથક્કરણ માટે આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં પ્રશ્નાવલી માટે ટકાવારી અને સાક્ષ્યપત્રક તથા મુક્તજવાબી પ્રશ્નાવલી માટે વિષયવસ્તુ વિશ્લેષણનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

### ૩. અભ્યાસનાં તારણો

પ્રસ્તુત સંસોધનના હેતુ સંદર્ભે આ તારણો પ્રાપ્ત થયાં હતા. જેમાં સુરત શહેરના શિક્ષણ મહાવિદ્યાલયોમાં જીવન ઘડતરની વિવિધ પ્રવૃતિઓ થાય છે, મોટા ભાગની દરેક પ્રવૃતિઓનું આયોજન થાય છે. પરંતુ કોઈકવાર સમયના અભાવે, જાહેર રજા, શૈક્ષણિક કાર્યોના કારણે અમુક પ્રવૃતિઓનું આયોજન થતું નથી. જીવન ઘડતરની પ્રવૃતિઓમાં મોટાભાગે તાલીમાર્થીઓના જીવનઘડતર ઉપરાંત તાલીમાર્થીઓના સર્વાંગી વિકાસની પ્રવૃતિઓનું ખૂબ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

### સંદર્ભ સૂચિ

1. **ઉચાટ, ડી. એ. (૨૦૦૯). શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનમાં સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર. રાજકોટ**
2. Best, John W. (1977). Research in Education New Delhi: Prentice-Hall of India (Pvt.) Ltd.
3. Cochran, W.G. (1974). Sampling Techniques New Delhi: Wiley Eastern Private Ltd.
4. Cohen, L. and Manion L. (1985). Research Methods in Education (Second Edition). London: Groom Helm.
5. Corey, S.M. (1953). Action Research to Improve School Practices New York: Bureau of Publications, Teachers College, Columbia University.